દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૧૪ માર્ચ, ૨૦૨૫

# વિશ્વના ઘણા દેશોએ પરાણે શસ્ત્ર દોડમાં ખેંચાવું પડે છે

વિશ્વમાં દર વર્ષે કયા દેશો કેટલા શસ્ત્રોની ખરીદી અને વેચાણ કરે છે તેના આંકડાઓ મેળવીને અહેવાલ તૈયાર કરતી સિપ્રી નામની એક શાંતિવાદી સંસ્થાનો આ વર્ષનો અહેવાલ એક ચોંકાવનારી વિગત રજૂ કરી ગયો અને તે એ કે છેલ્લા ચાર વર્ષમાં ભારત જેવા મોટા આયાતકાર દેશ નહીં કે સાઉદી અરેબિયા જેવા તેલ સમૃદ્ધ દેશ નહીં પણ પરાણે યુદ્ધમાં રોકાયેલ યુક્રેન દેશ વિશ્વનો સૌથી મોટો શસ્ત્ર આયાતકાર દેશ બની ગયો છે. યુક્રેન, કે જે લાંબા સમયથી રશિયા સાથે સંઘર્ષમાં રોકાયેલું છે તે ૨૦૨૦થી ૨૪ દરમ્યાન વિશ્વનું સૌથી મોટું શસ્ત્ર આયાતકાર રહ્યું છે અને ૨૦૧૫થી ૧૯ના ગાળા કરતા આ ગાળામાં તેની શસ્ત્ર આયાતોમાં ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે એમ આ નવો વૈશ્વિક અહેવાલ જણાવે છે. સમીક્ષાના આ જ સમયગાળા હેઠળ ભારત એ વિશ્વના બીજા ક્રમનું સૌથી મોટું શસ્ત્ર આયાતકાર રહ્યું છે, જેની આયાતો ચીન અને પાકિસ્તાન - બંને તરફથી પ્રવર્તતા ખતરાનું પ્રતિબિંબ પાડે છે. અલબત્ત, ભારતની આયાતો ૨૦૧૫-૧૯ અને ૨૦૨૦-૨૪ વચ્ચે ૯.૩ ટકા જેટલી ઘટી છે એમ મુજબ સ્વતંત્ર ગ્લોબલ થિંક ટેન્ક સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ(સિપ્રી) દ્વારા કરવામાં આવેલ એક નિવેદનમાં જણાવાયું છે જે આ અહેવાલ પ્રકાશિત કરે છે. યુરોપિયન દેશોની કુલ શસ્ત્ર આયાત આ જ સમયગાળા દરમ્યાન ૧૫૫ ટકા જેટલી વધી છે, જ્યારે આ દેશો યુક્રેન પર રશિયાના આક્રમણ પછી પોતાની સજ્જતા પણ વધારી રહ્યા હતા. યુક્રેનની શસ્ત્રોની મોટા ભાગની આયાત અમેરિકા(૪૫ ટકા), જર્મની(૧૨ ટકા) અને પોલેન્ડ(૧૧ ટકા)થી થઇ છે. પાકિસ્તાનની શસ્ત્ર આયાત ૨૦૧૫-૧૯ અને ૨૦૨૦-૨૪ વચ્ચે ૬૧ ટકા વધી છે.

શસ્ત્રોની નિકાસની બાબતમાં સ્વાભાવિક રીતે અમેરિકાનો દબદબો વધારે છે. શસ્ત્રોના નિકાસકાર તરીકે ચીનનો દબદબો વધ્યો છે જયારે યુદ્ધના સમયગાળામાં રશિયાની શસ્ત્રોની નિકાસ ઘટી છે. રશિયાએ ભારત, ચીન અને કઝાખસ્તાનને શસ્ત્રોની નિકાસ વધુ કરી છે. અમેરિકાની શસ્ત્રોની નિકાસ વધી છે અને તે પ્રથમ સ્થાને છે. રશિયા પાછળ હટીને ત્રીજા સ્થાને આવી ગયું છે જ્યારે ફ્રાન્સ બીજા સ્થાને પહોંચ્યું છે. જ્યારે શસ્ત્ર નિકાસકાર તરીકે ઇટાલીનું દસમુ સ્થાન હતું તે કૂદકો મારીને છેક છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે. વૈશ્વિક સ્તરે શસ્ત્રોના ટ્રાન્સફરનું એકંદર પ્રમાણ 2015-19 અને 2010-14 જેટલું જ રહ્યું (પરંતુ 2005-2009 કરતાં 18 ટકા વધુ), કારણ કે યુરોપ અને અમેરિકામાં વધતી જતી આયાત અન્ય પ્રદેશોમાં થયેલા ઘટાડાથી સરભર થઈ ગઈ. 2022માં રશિયાના સંપૂર્ણ પાયે આક્રમણ પછી ઓછામાં ઓછા 35 દેશોએ યુક્રેનને શસ્ત્રો મોકલ્યા, અને નોંધપાત્ર પ્રમાણમાં વધુ ડિલિવરી પાઇપલાઇનમાં છે. 2020-24માં યુક્રેનને વૈશ્વિક શસ્ત્રોની આયાતનો 8.8 ટકા મળ્યો. 2020-24 માં ટોચના 10 આયાતકારોમાં યુક્રેન એકમાત્ર યુરોપિયન રાજ્ય હતું, જો કે ઘણા અન્ય યુરોપિયન રાજ્યોએ આ સમયગાળા દરમિયાન તેમના શસ્ત્રોની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો હતો. નવા શસ્ત્ર ટ્રાન્સફરના આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે રશિયાના ખતરાનો જવાબ આપવા માટે યુરોપના દેશોમાં ફરીથી શસ્ત્રીકરણ થઈ રહ્યું છે,’ એ મુજબ SIPRI આર્મ્સ ટ્રાન્સફર પ્રોગ્રામના પ્રોગ્રામ ડિરેક્ટર મેથ્યુ જ્યોર્જે જણાવ્યું હતું. ‘જો કે, સાઉદી અરેબિયા, ભારત અને ચીન સહિતના કેટલાક મુખ્ય શસ્ત્ર આયાતકારોએ તેમના પ્રદેશોમાં ઉચ્ચ ખતરા હોવા છતાં, વિવિધ કારણોસર આયાતના જથ્થામાં મોટો ઘટાડો જોયો છે. આ ઘટાડાના જુદા જુદા કારણો હોઇ શકે છે. સાઉદી અરેબિયા અને ભારત પોતાના શસ્ત્રો હાલના સમય માટે તો પુરતા હોવાનું માનતા હોય તે શક્ય છે. ચીન શસ્ત્રોના ઉત્પાદક અને નિકાસકાર તરીકેની ભૂમિકામાં આવવા માંડ્યું છે એટલે તેની શસ્ત્રોની આયાત ઘટે તે પણ સ્વાભાવિક છે.

મહાકાય લશ્કરો અને ઘાતક શસ્ત્રો અને લશ્કરી સરંજામ પાછળ જંગી ખર્ચ એ આજના યુગની વરવી વાસ્તવિકતા છે. કરોડો નહીં પણ અબજો ડોલરના શસ્ત્રો નાના અને ગરીબ દેશો પણ ખરીદે છે તે વિધિની કેવી વક્રતા છે? અસુરક્ષાની ભાવના અને વધેલા સંઘર્ષોને કારણે પશ્ચિમ આફ્રિકાના ગરીબ દેશોના શસ્ત્રોની ખરીદીમાં પણ મોટો ઉછાળો આવ્યો હોવાનું અહેવાલ જણાવે છે. યુક્રેન જેવા દેશને પરાણે અબજો ડોલરના શસ્ત્રો ખરીદવા પડ્યા છે અને યુદ્ધ પૂરું થયા બાદ પણ તે લાંબા સમય સુધી દેવાના બોજ હેઠળ રહેશે તે સ્વાભાવિક છે. ખરેખર તો મહાકાય લશ્કરો અને અઢળક શસ્ત્રો પાછળ થતો જંગી ખર્ચ એ તદ્દન નિરર્થક અને બિનજરૂરી ખર્ચ છે, પણ વિવિધ દેશોના એકબીજા પરના અવિશ્વાસ અને શત્રુતાની ભાવના તથા એકબીજા કરતા બળુકા બની જવાના અભરખાને કારણે શસ્ત્રોનું બજાર ગરમ રહે છે. પ્રજા ભલે ભૂખે મરતી હોય પણ લશ્કર મજબૂત રાખવું એવી નીતિ અનેક દેશો અપનાવે છે કે તેમને અપનાવવી પડે છે. બીજી બાજુ શસ્ત્ર નિકાસકાર દેશોને શસ્ત્રોના વેચાણમાંથી અઢળક આવક થાય છે અને અમેરિકા જેવા દેશો તો ઘણી વખત પોતાના શસ્ત્રોની નિકાસ વધી શકે તે માટે જ અનેક સ્થળે સંઘર્ષ વકરાવવાના નિમિત્ત બન્યા હોવાના આક્ષેપો પણ થયા છે. જયાં સુધી વિશ્વના દેશોની પરસ્પરની શત્રુતા અને અવિશ્વાસ ઓછા નહીં થાય ત્યાં સુધી શસ્ત્રોનો આ અનિચ્છનીય વેપલો ચાલુ રહેશે એ સ્પષ્ટ છે.

## માણસની બરબાદીનાં કારણો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક શેઠનો યુવાન દીકરો લાડકોડમાં ઉછર્યો તેને કારણે ખૂબ જ આળસુ ,પ્રમાદી ,વ્યસની અને મિજાજી હતો. શેઠને દિન રાત ચિંતા સતાવતી હતી કે જો આ મારો એકનો એક દીકરો સુધરશે નહિ તો આ વેપાર અને મારા પરિવારનું મારા બાદ શું થશે....શેઠ હવે બહુ વેપાર વધારવામાં ધ્યાન આપતા ન હતા.

શેઠાણીએ કહ્યું, ‘શું કામ વેપાર ઓછો કરી રહ્યા છો ...શેઠ બોલ્યા, શેઠાણી ખરાબ ન લગાડતાં પણ મારા અને તમારા લાડકોડે દીકરાને બગાડ્યો છે ... તે મોટો થયો છે છતાં વેપારમાં તેનું ધ્યાન નથી અને તેને કંઈ શીખવામાં રસ પણ નથી તે તો મારું કમાયેલું ઉડાડી જ રહ્યો છે એટલે જેટલું વધારે કમાઇશ એટલું તે વધુ બરબાદ કરશે.’

શેઠાણી થોડી વાર વિચારીને બોલ્યાં, ‘તમારી વાત સાચી છે ... આપણી ભૂલ આપણે જ સુધારવી પડશે. આ બધા ઉપાયો ઠીક છે પણ આપણે આપણા દીકરાને તેની ભૂલ અને ખામી દેખાડવી જ પડશે ...કડક થઈને તેને સુધારવો જ પડશે.’

બીજા દિવસે શેઠ અને શેઠાણી દીકરાને લઈને એક સંત પાસે ગયા.સંતને બધી વાત જણાવી.સંતે કહ્યું, ‘તેને મારા આશ્રમમાં રહેવા દો ...સુધરવાનો હશે તો સુધરી જશે અને જો કંઈ બદલાવ ન આવ્યો તો સમજી જજો કે હવે તે ક્યારેય નહિ સુધરે.’ હવે યુવાન દીકરો આશ્રમમાં રહેતો હતો...આશ્રમમાં નિયમો હતા વહેલા ઊઠવું ...પોતાનું કામ જાતે કરવું ...આશ્રમનાં કામ કરવાં ...રોજ ધ્યાન ,પ્રાણાયામ અને યોગ કરવો ...શરૂઆતમાં તો યુવાનને કંટાળો આવતો, પણ કોઈ છૂટકો ન હતો એટલે તે બધું જ પરાનણે કરતો પણ ધીરે ધીરે મજા આવવા લાગી.યોગ અને પ્રાણાયામથી તેને તાકાત મળી... કામ કરીને આપોઆપ આળસ તો ઓછું થઇ રહ્યું હતું ..રોજ વહેલા ઊઠવાની આદતથી ઊંઘ પણ કાબૂમાં આવી ગઈ.’

એક દિવસ ગુરુજી ગીતા પર પ્રવચન આપતા બોલ્યા, ‘ગીતામાં લખ્યું છે વધુ પડતી ઊંઘ , આળસ, ગુસ્સો , ડર, થાક ,કામ ન કરવું કે કામ ટાળવાની આદત માણસને ધીમે ધીમે બરબાદ કરે છે.’ આ સાંભળી યુવાન ગુરુજીના પગે પડી ગયો. બોલ્યો, ‘ગુરુજી, આપે મારું જીવન બરબાદ થતાં બચાવ્યું છે. હું આળસુ હતો ..કોઈ કામ કરતો ન હતો ..શરીરમાં કોઈ તાકાત જ ન હતી... સૂતો રહેતો ...અને કોઈ મારું ન માને તો ગુસ્સો કરતો ...અને બધાં કામ ટાળતો ..પિતાના વેપારમાં ધ્યાન ન આપતો કારણ મને ડર હતો કે મને કંઈ નહિ આવડે તો ....બરબાદ થવાનાં હમણાં તમે જે કહ્યા તે બધા જ અવગુણ મારામાં છે. તમે તે દૂર કેમ કરવા તે શીખવ્યું ...મને સાચો રસ્તો દેખાડો. મારે જીવન બરબાદ કરવું નથી.’ ગુરુજી ખુશ થયા અને બોલ્યા, ‘હજી છ મહિના તું અહીં રહેજે અને પછી પિતા પાસે જઈને વેપાર શીખજે અને કામ આગળ વધારજે.’ સંતે પિતાને સંદેશ મોકલ્યો, ‘તમારો દીકરો છ મહિના પછી તમને મળશે.’ શેઠ ખુશ થયા અને બમણા જોરથી વેપાર કરવા લાગ્યા.

# લૈંગિક સમાનતા અને સમાન નાગરિક ધારો

## કહેવાની વાત

**નેહા શાહ**

**વર્તમાનમાં જે પણ ધાર્મિક વ્યક્તિગત કાયદા છે, એમાં મહિલાઓ પ્રત્યે જે ભેદભાવ થાય છે એને સુધારવાની ચોક્કસ આવશ્યકતા છે. પણ તે સમાન ધારાથી આવશે એવું તો કઈ રીતે કહી શકાય?**

જાન્યુઆરી ૨૭, ૨૦૨૫થી સમાન નાગરિક ધારા (સ.ના.ધા.)નો અમલ કરી, ઉત્તરાખંડ આઝાદ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું. હવે આ કવાયત ગુજરાતમાં શરૂ થઈ છે. ચોથી ફેબ્રુઆરીનાં રોજ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ રંજના દેસાઈના વડપણ હેઠળ પાંચ સભ્યોની એક સમિતિની રચના થઈ છે, જેમને પિસ્તાલીસ દિવસમાં ગુજરાતનો સ.ના.ધા.નો મુસદ્દો તૈયાર કરવાનું કહેવામાં આવ્યું છે. પિસ્તાલીસ દિવસનો સમય આટલા મોટા કાયદાકીય ફેરફારને તૈયાર કરવા માટે આમ પણ ઓછા છે, એટલે એમાં અત્યંત આવશ્યક એવો લોકોના અભિપ્રાય જાણવા માટે સમિતિ પાસે સમયનો અભાવ જ રહેશે જેથી આ કવાયત જરા મોળી જ પડશે.

સમાન નાગરિક ધારાની માંગ સૌ પ્રથમ વખત 1937માં ઉઠી હતી. આઝાદી પછી બંધારણ સભામાં પણ એ અંગે ચર્ચા થઈ હતી. ત્યારથી લઈને આજ સુધી ચર્ચામાં ઘણા વળાંક આવ્યા.

બંધારણના બે મહત્ત્વના પાસા લગ્નની સંસ્થાના સંદર્ભે વિરોધાભાસી પરિસ્થિતિનું સર્જન કરે છે. એક તરફ આર્ટીકલ 14 થી 24 દરેક વ્યક્તિને સમાનતા અને સ્વતંત્રતાનો અધિકાર આપે છે. બીજી તરફ આર્ટીકલ 25 થી 30 ધાર્મિક સ્વતંત્રતાના અધિકારનો સ્વીકાર કરે છે, જે અનુસાર દરેક વ્યક્તિ પોતાના ધર્મ કે સંપ્રદાયની પ્રથા પાળી શકે છે. આ પ્રશ્નને ઘણો પેચીદો અને ગહન બનાવે છે. કારણ કે, દરેક ધર્મ, કોમ કે જ્ઞાતિના વ્યક્તિગત કાયદા, એટલે કે લગ્ન અને કુટુંબની વ્યવસ્થાને નક્કી કરતા કાયદા અલગ છે - જે લગ્ન, છૂટાછેડા, બાળકની કસ્ટડી, સંપત્તિનો વારસો જેવા મુદ્દાને આવરી લે છે. કોઈ પણ ધર્મનો કાયદો સ્ત્રીઓને સમાન હક આપતો નથી, કોઈ કાયદા સંપત્તિનો અધિકાર નથી આપતા તો કોઈ માતાને બાળકના વાલી હોવાનો અધિકાર નથી આપતા તો કોઈ છૂટાછેડા માટે સ્ત્રી-પુરુષો માટે અલગ શરતો રાખે છે. આમ, સ્ત્રીઓ બે તરફી અસમાનતાનો સામનો કરે છે - એક, પોતાના જ કોમના પુરુષોના સંદર્ભે તેમ જ અન્ય કોમની સ્ત્રીઓ સંદર્ભે. દરેક ધર્મ / કોમના કાયદા અને પ્રથામાં પ્રગતિશીલ સુધારા થયા છે, જે પ્રક્રિયા અલબત્ત ધીમી છે કારણ કે, એના મૂળીયા સંસ્કૃતિના ઈતિહાસમાં જડાયેલા છે. એટલે જ સ.ના.ધા.ની કલમો ઘડવામાં સૌથી મોટી કસોટી છે. જેટલું મહિલાઓના અધિકારને જાળવવા મહત્ત્વનાં છે એટલું જ મહત્ત્વનું બિનસાંપ્રદાયિકતાને જાળવવાનું છે. લૈંગિક સમાનતાના ઓઠા હેઠળ સાંસ્કૃતિક સર્વોચ્ચતા સાબિત કરવાનો મુસદ્દો બનવો ના જોઈએ. અહીં, એ વાત ધ્યાનમાં લેવી જોઈએ કે ૨૧માં લો કમિશને ૨૦૧૬ થી ૨૦૧૮ વચ્ચે સ.ના.ધા. અંગે વિગતે અભ્યાસ કર્યા પછી ૧૮૫ પાનાંના રિપોર્ટમાં નોધ્યું છે કે, આ તબક્કે સ.ના.ધા. ઘડવો જરૂરી નથી અને ઈચ્છનીય પણ નથી. અલગ અલગ સમુદાયોનાં રીત-રિવાજો અલગ હોય એનો મતલબ એ ભેદભાવ પૂર્ણ હોય એવું જરૂરી નથી. વિવિધતા તો મજબૂત લોકશાહીની નિશાની છે. વિશ્વના વિકસિત લોકશાહી દેશો સંસ્કૃતિક વૈવિધ્યને સ્વીકારી એને અનુરૂપ કાયદાઓ ઘડવા તરફ આગળ વધી રહ્યા છે. ત્યારે સૌને એક જ કાયદો લાગુ પડે એવું માળખું શા માટે ઘડવું જોઈએ? વર્તમાનમાં જે પણ ધાર્મિક વ્યક્તિગત કાયદા છે, એમાં મહિલાઓ પ્રત્યે જે ભેદભાવ થાય છે એને સુધારવાની ચોક્કસ આવશ્યકતા છે. પણ તે સમાન ધારાથી આવશે એવું તો કઈ રીતે કહી શકાય? અહીં ચર્ચા ફોજદારી કાનૂનની નથી, એ તો સૌ માટે સમાન જ છે. મુદ્દો વ્યક્તિગત કાનૂનનો છે. જો દરેક ધર્મમાં લગ્નની પરિકલ્પના જ અલગ હોય તો એને એક કાયદે બાંધવુ મુશ્કેલ છે. દા.ત. હિન્દુ ધર્મ પ્રમાણે લગ્ન એક પવિત્ર બંધન છે, જ્યારે મુસ્લિમ ધર્મ પ્રમાણે એક કરાર છે. કરારમાં જો છૂટાછેડા થાય તો સ્ત્રી માટે મહેર એટલે કે એક પ્રકારના વળતરની ચુકવણીની જોગવાઈ છે. એવી કોઈ સુરક્ષા હિન્દુ ધર્મમાં નથી. આવી જોગવાઈઓને ધાર્મિક પ્રથાઓના માળખામાં રહી બદલવી અઘરી છે. એટલે એ માટે કાયદાની મૂળભૂત જોગવાઈમાં જ બદલાવ લાવવો પડે. દા.ત. મહેર પ્રથા પરથી શીખી એવું માળખું ઉભું કરવાની દિશામાં કાયદો ઘડાવો જોઈએ કે જે લગ્ન વિચ્છેદનના કિસ્સામાં સ્ત્રીને સામાજિક સુરક્ષા પૂરી પાડે.

કાયદાના સુધારાના પાયામાં લૈંગિક સમાનતા હોવી જોઈએ, જે સ્ત્રીઓને ન્યાયની ખાતરી આપતો હોય. દરેક ધર્મ/ કોમનાં સુધારાવાદી લોકોને સાથે રાખી ધર્મના વ્યક્તિગત કાયદામાં સુધારા લાવવાની દિશા તરફ કામ કરવામાં આવે તો મહિલાઓને અન્યાય કરતી પ્રથાઓને પાયામાંથી બદલી શકાય. લૈંગિક સમાનતાનો જ ઉદ્દેશ્ય હોય તો સમાન કામ માટે સમાન વેતનનો કાયદો ઘડવા તરફ, પ્રસુતિ અને બાળ ઉછેર માટેની રજાનાં કાયદાના યોગ્ય અમલ, તેમ જ કામના સ્થળે બાળ ઉછેરની યોગ્ય સુવિધા ઉભી કરવાની દિશામાં યોગ્ય પગલા ભરવા જોઈએ. સમાનતાની દિશામાં એની પહેલા જરૂર છે. ટ્રિપલ તલાકનો જોરશોરથી વિરોધ કરનારો વર્ગ અન્ય ધર્મની મહિલાઓના અધિકાર અંગે સાવ બિન સંવેદનશીલ બની મુંગો મંતર બની જાય, ત્યારે ‘મહિલાઓના હિત’ની વાતોમાં દંભ વર્તાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# જૂની અને નવી પેન્શન યોજના વચ્ચે હેરાન થતા કર્મચારીઓને વચગાળાની રાહત આપો

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

**ગુજરતમાં કર્મચારી મંડળો હવે સાવ સુક્ષુપ્ત અવસ્થામાં રહે છે. તેઓ સત્તા સાથે, શાસન સાથે દ્વિમાર્ગી વ્યવહારને બદલે એક માર્ગી આદેશ પાલન કરતા થઈ ગયા છે. કોઈ આગેવાન આ મુદ્દે સરકાર પાસે ગયા નથી**

ગુજરાતના થોડા લોકોને સમસ્યા હોય એટલે તે સમસ્યા ના કહેવાય તેવું નથી. ફિક્સ પગારમાં લાગ્યા હોય અને એપ્રિલ 2005 પછી કાયમી થયા હોય તેવા ગુજરતના શિક્ષણ ક્ષેત્રમાં છેલ્લે ઓક્ટોબરમાં અને કર્મચારી ક્ષત્રે ડિસેમ્બરમાં રીટાયર થયેલા અને રાજ્ય સરકારના કર્મચારીઓનું પેન્શન શરૂ થયું નથી.

આમ તો પ્રજાના કલ્યાણનું ધ્યાન રાખતી સરકાર આ કર્મચારીઓ રીટાયર થાય પછીના મહિનાથી પેન્શન મેળવતા થાય તેવી જાહેરાતો કરે છે, પણ આ કર્મચારીઓ એક વિશેષ સ્થતિનો સામનો કરી રહ્યાં છે પરિણામે તેમનું પેન્શન શરૂ થયું નથી.

ગુજરાતમાં ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓની લાખો ખાલી જગ્યાઓ ફિક્સ પગારથી ભરવાની નીતિ ૧૯૯૯ થી શરૂ થઈ. આ નીતિમાં કર્મચારી પાંચ વર્ષ ફીક્ષ પગારમાં પસાર કરે પછી તેને કાયમી કર્મચારી તરીકે નિમણુંક આપવામાં આવતી. બેકારી અને નીચા વેતનમાં શોશાતા યુવાનો પાંચ વર્ષ પછી તો શાંતિ થશે તેમ માની આ ફિક્સ પગારની નોકરી સ્વીકારવા લાગ્યા, પણ આ યુવાનોને ક્યાં ખબર હતી કે જ્યારે તેઓ ફૂલ પગારમાં આવશે, કાયમી ગણાશે ત્યારે તેમને કોઈ નવી જ પેન્શન યોજના માથે પડશે!

હા, વર્ષ 2005 એપ્રિલ પછી દેશમાં નવી મુલ્ય વર્ધિત પેન્શન યોજના લાગુ પડી. શેર બજારમાં રોકાણ કરીને જે વળતર મળે તે આધારે પેન્શન ચુકવવાની યોજન લાગુ પડી. વર્ષ ૨૦૦૧ માં જે યુવાનો ગુજરાતમાં નોકરીએ લાગ્યા તેમને ખબર ના હતી કે ૨૦૦૬ માં તેમને તદ્દન અનિશ્ચિતતાવાળી પેન્શન યોજનામાં ભેળવવામાં આવશે. કર્મચારી મંડળો જાગ્યા. સરકાર પાસે માંગ કરી કે 2005 પહેલાના ફિક્સ પગારદાર કર્મીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવો. ૨૦૨૨ ની ચૂંટણી સમયે સરકારે માંગ સ્વીકારી તો ખરી પણ સત્તાવાર જાહેરાત છેક ૨૦૨૪ માં લોકસભાની ચૂંટણી પછી કરી. સત્તાવાર જાહેરાત પછી બે-ત્રણ મહિના સુધી પરિપત્ર ના થયો અને હવે તો સમય એ આવ્યો કે નવી વ્યવસ્થામાં નોકરીએ લાગેલા કર્મચારીઓ પણ નિવૃત્ત થવા લાગ્યા અને હજુ આ વચ્ચેવાળા કર્મચારીના પેન્શનની યોજન મળી ભી નથી. પરિણામે ઓક્ટોબર બાદ નિવૃત્ત થયેલા અનેક કર્મચારી દ્વિધા ભરી સ્થિતિમાં છે.

વાત માત્ર અટકવાની નથી. આ લખાય છે ત્યારે પણ 2005 એપ્રિલ પહેલાના કર્મચારીને પેન્શનમાં ભેળવવા તથા તેમના જિ.પી.એફ. ખાતા ખોલાવ્યાની નિયમબદ્ધ ગાઈડલાઈન બહાર પડી નથી. હા, જેમને હજુ નોકરીના વર્ષ બાકી છે તેમને પ્રશ્ન નડવાના નથી. તેમના એન.પી.એસ. એકાઉન્ટ જી.પી. એફ.માં ટ્રાન્સફર થવાના છે. લગભગ ૧ એપ્રિલ પછી આવા તમામ કર્મચારીનો ફાળો જી.પી. એફ.માં કપાવાની શક્યતા છે. પણ અહી, એક મુદ્દો સરકારે વિચારવો રહ્યો અને તે એ કે જે ઓ મેં મહિનામાં અને આવનારા ડિસેમ્બર સુધીમાં નિવૃત્ત થાય છે. તેમના એન.પી.એસ.ને જી.પી.એફ.માં ફેરવવા કે નહી? કારણ માત્ર છ બાર મહિના માટે જ તેમનો ફાળો જી.પી.એફ.માં લઈ જવો અને જૂના એન.પી.એસ.માં જે ફાળો થયો હોય તે ત્યાં ફેરવવો આ બધી વહીવટીય કમગીરી કરવાની થાય.

આમ તો આપણી ગુજરત સરકાર તત્કાલ નિર્ણય લેવા અને સમયબદ્ધ અમલ કરવા માટે પોતાને શાબાશી આપે છે. ટાટા નેનોને જમીન ફાળવની હોય કે બુલેટ ટ્રેન માટે જમીન સંપાદન હોય. તે તરત કામ કરે છે, માત્ર આ સરકારી કર્મચારીના મુદ્દામાં થોડી વાર થઈ જાય છે. હશે, આપણે ચિંતા કરવી છે, આ કર્મચારીની જેઓનો પગાર બંધ થયો છે અને પેન્શન શરૂ નથી થયું. વળી, એન.પી.એસ.ના જે રૂપિયા અત્યારે મળ્યા છે તે પણ પાછા ભરવાના થાય તો તૈયાર રહેવાનું. આવા પ્રશ્નો તેમને ઉચાટમાં રાખે છે.

ગુજરતમાં કર્મચારી મંડળો હવે સાવ સુક્ષુપ્ત અવસ્થામાં રહે છે. તેઓ સત્તા સાથે, શાસન સાથે દ્વિમાર્ગી વ્યવહારને બદલે એક માર્ગી આદેશ પાલન કરતા થઈ ગયા છે. કોઈ આગેવાન આ મુદ્દે સરકાર પાસે ગયા નથી કે આ જૂની પેન્શન યોજનાનો અમલ જડપથી થાય તેવું કરો અને આ નિવૃત્ત કર્મચારીઓને નિયમાનુસાર પેન્શન મળવામાં મોડું થાય તેમ હોય તો વચગાળાની રાહત જેટલું પેન્શન તો ચાલુ કરાવો તેમ નથી બોલતું. નિવૃત્ત કર્મીઓ પણ ‘‘અમે તો થોડા છીએ અમારું કોણ સાભળે?’’- નિસાસા નાખી શાંત બેસી રહ્યા છે.

શાસનની કાર્યક્ષમતા ક્યારેક ક્યારેક જોવામાં નથી. પ્રજાને રોજના જીવનમાં તેનો અનુભવ મળવો જોઈએ નેતાઓ નિસ્બતવાળા હોય, સંવેદનશીલ હોય તો તેમને આ પ્રશ્નમાં રસ લઈને નિવૃત્ત કર્મચારીને રાહત મળી રહે તે વિચારવું જોઈએ અને આવા વહીવટી કામો. સમગ્રલક્ષી નિર્ણયો ઝડપથી અમલી બનાવવા જોઈએ. જો આ પેન્શન યોજના માટે ખાસ રસ લઈને નિયમબદ્ધ પગલાં નહીં લેવાય તો આ સંખ્યા વધતી જ જશે અને શાસનની બિન કાર્યક્ષમતા ફેલાતી જ જશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## આપણી વ્હાલી ગુજરાતી ભાષા

ગુજરાતી કે કોઈપણ ભાષા તેના જુદા જુદા સ્વરૂપમાં આપણે ઉપયોગમાં લઈએ છીએ. બોલી, રોજિંદા વપરાશમાં લેવાતી ભાષા અને લખાણમાં શુદ્ધ ભાષા, છતાં જેમ અંગ્રેજી ભાષામાં જાર્ગન્સ હોય છે તેમ ગુજરાતી ભાષામાં પણ કેટલાક મેં નહીં જાણેલા શબ્દો હાલમાં જ એક લેખમાંથી જાણ્યા. નવી પેઢી અને અન્યો જે મારા જેવા ઘણા ના જાણતા હોય તેમને માટે અહીં એ શબ્દો અને તેનો સામાન્ય રીતે વપરાતો શબ્દ જણાવું છું. અમે શાળામાં ભણતા ત્યારે ગુજરાતી ભાષાના જાણીતા લેખક શ્રી રમણભાઈ નીલકંઠની ભદ્રંભદ્ર નામની એક હાસ્ય નવલકથા હતી, ત્યારે બે શબ્દો એમને ખૂબ ગમતા. ટિકિટ માટે એમણે ઉપયોગમાં લીધેલ શબ્દ મૂલ્યપત્રિકા અને મુંબઈ માટે મોહમયી નગરી. પરંતુ આ ઉપરાંત શુદ્ધ ગુજરાતી ભાષામાં બૂક સ્ટોર માટે, ગ્રંથ વિક્રય કેન્દ્ર, પ્રૂફ રીડર માટે, મુદ્રણદોષ અન્વેષક, મુંબઈની પ્રીન્સેસ સ્ટ્રીટ માટે રાજકુંવરી શેરી, ચર્ચગેટ સ્ટેશન માટે, દેવળ દરવાજા વિધુતરથ વિરામ સ્થાન, સબવે માટે ભૂગર્ભ માર્ગ, મોબાઈલ ફોન માટે બીનતારી દુરધ્વની ઉપકરણ, ગુસ્સો, આવેશ, સોનું, તથા ત્રણ અને ઈશ્વર માટે જુદાજુદા સંજોગોમાં યોગ્ય રીતે ઉપયોગમાં લેવાતો શબ્દ એટલે અગ્નાયી, ગુસ્સામાં હાસ્ય કરવું એટલે અસમર્થહાસ, પરસ્પર સંબંધ હોવો એટલે અન્યોન્ય સંશ્લીષ્ઠ, સ્વર્ગ એટલે અમર્તભુવન, મુક્કો મારવો એટલે મુષ્ટિપ્રહાર અને શોલ્ડર પેઈન એટલે અંસાંદુ:ખલસંધાન. વાચકો જાણે છે કે આપણે રોજીંદા વ્યવહારમાં આ બધા શબ્દોનો ક્યારેય પ્રયોગ કરતા નથી, પણ જ્યારે કોઈની સાથે હાસ્યાસ્પદ સંવાદ કરવો હોય અથવા કોઈને નાહક ગરમ કરવાથી આ શબ્દોનો ઉપયોગ એક મીઠી યાદ જે તે વ્યક્તિને રહેશે.

**સુરત - રાજેન્દ્ર કર્ણિક**

## કબૂતર.. જા.. જા..જા

કબૂતર ગભરુ અને નિર્દોષ પક્ષી. રાજા મહારાજાઓથી માંડીને ચાચા એ પણ કબૂતર ખૂબ ઉડાડી વાહ.. વાહ... લુંટી.! બોલિવૂડમાં પણ કબૂતરનો એક અલગ દરજ્જો જોવા મળ્યો. પણ કબૂતર દ્વારા જે હવા બગાડવામાં આવી રહી છે, તે માનવજાત માટે મહામારી જેવું રૂપ ધારણ કરી રહ્યાનું સંશોધનથી બહાર આવ્યું ત્યારથી જાગૃત નાગરિક મથાળાનું ગીત ગાવા લાગ્યો છે. કબૂતરના અઘાર અને પીછાથી એલર્જી અને ફેફસાંના રોગો વધી રહ્યા છે. મુંબઈના થાણે અને હવે પુણે કોર્પોરેશન એ કબૂતરોને દાણાં નાખવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. સુરતમાં પણ ઠેર ઠેર રસ્તાના મધ્યમાં વિશાળ ખુલ્લી જગ્યામાં પક્ષી પ્રેમીઓ દાણા નાખી પુણ્ય કમાવવા લાગ્યાં છે, વળી જ્યોતિષીઓ પણ પક્ષીને દાણા નાખી પોતાના પાપ - દુઃખ દૂર કરવાની સલાહ આપે છે. જેથી જેનાથી દૂર રહેવાનું છે તે સામે આવે છે. પણ જ્યાં કબૂતરોનો ચોતરો બની ગયો છે ત્યાંની આસપાસના રહેવાસીઓ અને દુકાનદારો રોજ છાતિમાં રોગને ઘરે લઈને જાય છે તેની તેમને ખબર નથી અથવા બેધ્યાન છે. રખડતાં કૂતરાઓથી આ શહેર ત્રાહિમામ છે ત્યાં તો કબૂતરોથી ફેલાતા રોગચાળાની વાત ફેલાય રહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા આ બાબતે સક્રિય થશે કે પછી મતદાતા, કરદાતાઓએ વગર મોતે મારવાની આ વ્યવસ્થાનો લાભ લેવાનો?

**સુરત - પરેશ ભાટિયા**

## હોળી આસ્થાના વિજયનું હોલિકા નાસ્તિકતા અને અધર્મનું પ્રતિક છે

જીવનને રંગીન વધાવનારું આ રંગ પર્વ છે. આ રંગ પર્વ ન હોય તો આપણું જીવન કેટલું કૃત્રિમ રંગહીન એકવિધિ બની જાત. આજના હોળી તથા ધુળેટી પર્વ નિમિત્તે આપ સહુથી જિંદગી વિવિધ રંગો દ્વારા આનંદ અને તાજગીથી સભર રહે એવી રંગથી શુભ કામનાઓ. હોળીથી જ્વાળા કઈ દિશામાં જાય છે તેના પરથી હવામાન શાસ્ત્રીઓ ભવિષ્યમાં વરસાદ તથા ધાન્ય-ધંધામાં તેજી મંદીથી આગાહી કરે છે. રાજસ્થાની વિશે એવું કહેવાય છે કે બધા તહેવાર ગમે ત્યાં ઉજવો પણ હોળીનાં તહેવાર ગામમાં કે દેશમાં ઉજવે છે. રાજસ્થાનમાં હોળીનો તહેવાર આપણે દિવાળી ઉજવીએ છીએ તેવો માહોલ હોય છે. ગામના લોકો નોકરી-ધંધા માટે અલગ અલગ પ્રાંતમાં છૂટાછવાયા હોય છે. તેઓ હોળીમાં ગામમાં ઉજવે છે.અંતમાં હોળી આસ્થાના વિજયનું અને હોલિકા નાસ્તિકતા અને અધર્મનું પ્રતિક છે. તેના દહન પાછા બીજા દિવસે આસ્થાથી જીતને વધાવવા માટે રંગોત્સવ (ધૂળેટી) ઉજવાય છે.

**સુરત - મહેશ આઈ. ડૉક્ટર**

## પર્યાવરણને બચાવીએ

કુદરતના કોઈ પણ નિયમનો સતત ભંગ કરનાર વ્યક્તિને કુદરત કોઈ દિવસ માફ કરતી નથી. બેસુમાર જનસંખ્યાવાળા વસ્તી વધારાએ (સમસ્ત વિશ્વ ૮૨૦ કરોડ!) પ્રકૃતિનો વિનાશ વેરીને ત્રીજા ભાગની ભૂમિને નષ્ટ કરેલી છે. માનવીએ રાક્ષસનું રૂપ ધારણ કરીને પોતાના લાભ માટે કુદરતી સંપત્તિનો મહાવિનાશ કરેલો છે. Thus far and no further. હવે સાનમાં સમજી જવું એ જ પ્રકૃતિનો આદેશ છે. હવે ‘રૂકજાવ’ની પરિસ્થિતિ લાવવી પડશે. પર્યવારણને બચાવવા માટે આપણે પ્રદૂષણ મુક્ત ઈંધણોનો ઉપયોગ વધારવો પડશે. આપણી વહાલી વસુંધરાને બચાવવા એટમિકરીસર્ચ, ધરતી ઉત્ખન્ન, મેડિકલ રીસર્ચ, ઝેર ઓકતાં કારખાનાં, પ્રદૂષિત વાહનો, ઝેરી ખાતરો, તોતિંગ ઈમારતો વગેરે પર અંકુશ મૂકવો પડશે. માનવીની સમગ્ર જીવન શૈલી દોષોથી ભરેલી બની ગઈ છે. માનવધર્મમાં જરૂરિયાત (Need) સંતોષવાની વાત આવે છે, લોભ (Greed) ની નહીં! પર્યાવરણને લગતા સખત કાયદાઓ લાવીને તેનો કડક અમલ કરવો પડશે. પર્યાવરણ શુદ્ધ હાલતમાં રહેશે અને બચશે તો જ આપણે પણ બચી શકીશું. આવનાર ભાવિ પેઢી માટે જીવનમરણનો પ્રશ્ન સાચે જ ‘‘મહાપ્રશ્ન’’ બની જશે કે?!!

**ચીખલી - રમેશ. એમ. મોદી**

## લોકશાહીમાં પછાતપણાની વ્યાખ્યા બદલવી પડશે

સમાજના કોઈપણ એક સમૂહને પછાત હોવાની ઓળખ આઝાદીના ૭૫ વર્ષ થવા છતા અકબંધ રાખવી એ વિકસતા જતા દેશ માટે સારી નિશાની નથી. સદીઓ પેહલા સામાજિક વ્યવસ્થા હતી તેમાં ફેરફાર લાવવો હોય તો આઝાદી પ્રાપ્ત કરવા કુરબાની, બલિદાનો આપવામાં આવ્યા હતા, તેવા બલિદાનો આપવામા આવશે તો જ કાયમી રીતે માનવીય ભેદભાવ નાબૂદ થશે. હાલમાં પણ સમાચાર એવા છે કે દેશમાં માનસિકતા યથાવત છે. ફક્ત વંચિતો, આદિવાસી માટે જ આરક્ષણ લાગુ પાડવાની બંધારણીય જોગવાઈ કરી હતી. ત્યારબાદ બધા જ વર્ગો માટે અનામત લાગુ કરવામાં આવી. વંચિતો, આદિવાસીને અનામત આપવાનો મૂળભૂત હેતુ તરછોડાયેલા અને વનવાસી સમાજ હતો તેને સમાજના બીજા લોકો સાથે શામેલ થાય તે હતો. જો આરક્ષણ બધા જ સમાજને આપ્યુ હોય ત્યારે ફક્ત વંચિત અને આદિવાસીને જ પછાત ગણવા એ યોગ્ય છે ખરુ? લોકશાહી પ્રવર્તે ત્યારે પછાતપણાની વ્યાખ્યા જરૂર બદલવી પડશે. સામજિક વ્યવસ્થાનો ઢાંચો બદલવો હશે તો મારી દૃષ્ટિએ પછાત કોઈ છે જ નથી. ખરાબ કૃત્ય કરે, માનવીય અભિગમનો અભાવ હોય, દેશ દાઝ ન હોય, ચોક્કસ સામાજિક માળખામાં રહેવાનું મુનાસીબ માનતો હોઈ, અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવતા ન હોય, ગરીબ, કામદારોનું કથિત શોષણ કરતા હોય, વગરેને પછાત નહીં અમાનવીય ગણવા પડશે એવુ નથી લાગતું.

**સુરત - ચંદ્રકાન્ત રાણા**